

# ઓગસ્ટ

# ૨૦૧૭

## Most IMP Current Affairs

www.crackgpsc.com

Crack GPSC™

# ઓગસ્ટ ૨૦૧૭

**પરીક્ષાલક્ષી,**

**મોસ્ટ IMP,**

**ટુ ધ પોઈન્ટ**

**કરન્ટ અફેર્સ**

**એટલે**

**crackgpsc.com**

**ગમે ત્યાં, ગમે ત્યારે તૈયારી કરવા 'Crack GPSC' એપ ડાઉનલોડ કરવાનું ના ભૂલતા...**

crackgpsc.com





૨૦૧૭-૧૮ માં લેવાનાર તમામ પરીક્ષાની તૈયારી એક સાથે
GPSC
PI
ના.મામલતદાર / સેકશન ઓફિસર
સિનિયર કલર્ક
બિનસચિવાલય કલર્ક
તલાટી
PSI
કોન્સ્ટેબલ
TAT/TET
હાઈકોર્ટ કલર્ક
હાઈકોર્ટ બેલિફ
પોસ્ટ વિભાગની ભરતી
• અમદાવાદ / ગાંધીનગરના પ્રખ્યાત અને નિષ્ણાંત ફેક્લ્ટીઝ દ્વારા કોચિંગ
• સચોટ અને અપ ટુ ડેટ સ્ટડી મટીરીયલ
• સમયાંતરે ટેસ્ટ, મોડલ પેપર દ્વારા મૂલ્યાંકન
• સ્પર્ધાત્મક પરીક્ષાની વૈજ્ઞાનિક ઢબે તૈયારી
• અભ્યાસક્રમ મુજબ સંપૂર્ણ તૈયારી રીઝનેબલ ફી માં
માસ્ટર બેચ
૧૫ ઓગસ્ટથી
(રજીસ્ટ્રેશન શરૂ)
ફ્રી સેમિનાર
૧૩/૮, રવિવાર
સાંજે ૪ કલાકે
(ફોન પર રજી. જરૂરી)
ડાઉનલોડ કરો Crack GPSC મોબાઈલ એપ
આ એપ ડાઉનલોડ કર્યા વિના GPSC ની તૈયારી અધૂરી
જનરલ નોલેજના ૧૦,૦૦૦થી વધુ પ્રશ્નો
ફ્રી કરન્ટ અફેર્સ મન્થલી મેગેઝીન
UPSC/GPSC માં સફળ ઉમેદવારોના માર્ગદર્શન અને નોટ્સના આધારે તૈયાર કરેલ મટીરીયલ
કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી
ફ્રી વિડિયો લેક્ચર્સ
youtube અને Mobile App પર
આયોજનબધ્ધ પૂર્વ તૈયારી અને સચોટ માર્ગદર્શન દ્વારા તમામ પરીક્ષામાં સફળતા મેળવો
Crack GPSC
Crack GPSC
બીજો માળ - ૧/૩, પુજન કોમ્પ્લેક્ષ, રાજહંસ સિનેમાની બાજુમાં,
શુકન ચાર રસ્તા, નિકોલ-નરોડા રોડ, નિકોલ 87340 98198
crackgpsc.com

# Most Imp Current Affairs – August 2017

- વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં રાજકોટમાં મૂકબધિર ભૂલકાઓ દ્વારા સાઈન લેંગ્વેજમાં રાષ્ટ્રગાનનો રેકોર્ડ સ્થાપ્યો.
- લાતવિયાની ટેનિસ ખેલાડી એનાસ્તાસિજા સેવાસ્તોવાએ માલોર્કા ઓપનનો ખિતાબ જીત્યો.
- ભારતીય હોકી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લાઇને ઇસ્ટ બંગાલ ફૂટબોલ ક્લબના શીર્ષ સન્માન 'ભારત ગૌરવ'થી સન્માનિત કરાશે.
- સંસદના ઐતિહાસિક કેન્દ્રીય હોલમાંથી 1 જૂલાઈ, 2017ના રોજ GST લાગુ કરવામાં આવ્યો.
- ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુએ ઇન્ટરનેશનલ ઇકોનોમિક એસોસિએશનના અધ્યક્ષનું પદ સંભાળ્યું.
- નેશનલ એજ્યુકેશન પોલીસી તૈયાર કરવા માટે અંતરીક્ષ વૈજ્ઞાનિકના કસ્તુરીરંગનની અધ્યક્ષતામાં નવ સભ્યોવાળી એક પેનલની રચના.
- એપલે જર્મન સ્ટાર્ટઅપ સેન્સોમોટ્રીક ઈન્સ્ટ્રુમેન્ટનું અધિગ્રહણ કર્યું.
- ફ્રેંચ ગુયાનાના કૌઓરુથી ભારતનો આધુનિકતમ સંચાર ઉપગ્રહ જીસેટ-17 એરીયનસ્પેસના એક ભારે રોકેટ દ્વારા સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરવામાં આવ્યો.
- ભારતીય મૂળના અમેરિકન કૃષ્ણા આર ઉર્સ પેરુમાં અમેરિકાના રાજદૂત નિયુક્ત.
- શિક્ષણની ગુણવત્તા અને સાંસ્કૃતિક ગતિવિધિઓ તથા દેશની સમગ્ર વસ્તી સુધી પુસ્તકની પહોંચ બનાવવાના પ્રયાસો માટે યુનેસ્કોએ શારજાહને 2019 માટે વિશેષ 'વિશ્વ પુસ્તક રાજધાની'નો ખિતાબ આપ્યો.
- દીપક કુમારે નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયાના ચેરમેનનું પદ સંભાળ્યું.
- ભારત અને નેધરલેંડે સાંસ્કૃતિક સહયોગ, જળ સહયોગ અને સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં સંશોધન પર ત્રણ MOU કર્યા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમમાં મહાત્મા આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્રજીની 150મી જયંતિ નિમિત્તે સ્મારક સિક્કા અને પોસ્ટની ટિકિટ બહાર પાડી.
- શમ્મા જૈન યુનાનમાં ભારતના રાજદૂત નિયુક્ત.
- અરવિંદ કાથપાલિયા એર ઇન્ડિયાના ઓપરેશન ડાયરેક્ટર તરીકે નિયુક્ત.
- કે કે વેણુગોપાલ ભારતના નવા એટર્ની જનરલ બનશે. તેઓ મુકુલ રોહતગીનું સ્થાન લેશે.

crackgpsc.com

- 'અ બિલિયન કલર સ્ટોરી'એ વાર્ષિક લંડન ભારતીય ફિલ્મોત્સવમાં ઓડિયન્સ એવોર્ડ જીત્યો.
- એન્ટી-હંગર એક્ટીવીસ્ટ અંકિત ક્વાત્રાને બકિંઘમ પેલેસમાં મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ વર્ષ 2017 માટે યંગ લીડર્સ એવોર્ડ આપ્યો.
- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કે બેલી હચિસનને નાટોમાં અમેરિકાના રાજદૂત તરીકે નોમીનેટ કર્યા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં એડવાન્સ્ડ ટેકનીકવાળા એકીકૃત સ્ટેડિયમ ધ એરેનાનું ઉદઘાટન કર્યું.
- ભારત અને થાઈલેન્ડની સેનાઓ વચ્ચે હિમાચલ પ્રદેશના બકલોહમાં વાર્ષિક સૈન્ય તાલીમ અભ્યાસ 'મૈત્રી-2017' શરૂ થયો.
- આર. કે. પચનંદાએ ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળ્યું.
- એમ એસ ધોની વન ડે આંતરરાષ્ટ્રીય મેચોમાં 9442 રન સાથે ભારતનો ચોથો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો.
- ભારતે સંયુક્ત રાષ્ટ્રના શાંતિ સ્થાપના ભંડોળમાં 5,00,000 ડોલર્સનું યોગદાન આપ્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઇઝરાયેલની યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા.
- ભારતી એરટેલના વીડિઓકોન અને એરસેલ સાથે સ્પેક્ટ્રમ સમજુતીને ભારતીય પ્રતિસ્પર્ધા આયોગની મજુરી મળી.
- વર્ષ 2016ના અંત સુધી સ્વિત્ઝરલેન્ડની બેંકોમાં રાખવામાં આવેલ ધન બાબતે ભારત ગબડીને 88મા સ્થાને. બ્રિટન પ્રથમ.
- સહારા ફોર્સ ઇન્ડિયા એકેડમીના જેહાન દારૂવાલા FIA F3 યુરોપિયન ચેમ્પિયનશિપ જીતનાર પ્રથમ ભારતીય ડ્રાઈવર બન્યા.
- એક તીવ્ર ઝડપથી વધનાર ઇઝરાયેલિયન ક્રાયસેંથેમમ ફૂલનું નામ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે મોદી પુષ્પ રાખવામાં આવ્યું.
- સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાઈ પ્રતિનિધિ તરીકે પોતાની સેવાઓ આપનાર નિરુપમ સેનનું નિધન.
- દુનિયાની સૌપ્રથમ ઈમરજન્સી હેલ્પલાઈન 999એ 80 વર્ષ પૂર્ણ કર્યાં.
- ફિલ્મ અભિનેતા રાજા બુંદેલાએ ક્રોમેટિક પેરાપ્લેઝિયા રોગગ્રસ્ત લોકોને સામાજિક સુરક્ષા આપવાના હેતુથી લખવામાં આવેલ પુસ્તક 'ધ વ્હીલ ચેર'નું વિમોચન કર્યું.
- જર્મનીએ કન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- ભોપાલમાં દેશના સૌથી મોટા ગ્લોબલ સ્કિલ પાર્કની આધારશિલા મુકવામાં આવી.
- રિયલ્ટી કંપની સિગ્નેચર ગ્લોબલે વિદ્યા બાલનને પોતાની બ્રાન્ડ એમ્બેસેડર બનાવી.

crackgpsc.com

- વર્લ્ડ ક્વોલિટી કોંગ્રેસે ભારતના એરપોર્ટ્સની સુરક્ષાની દ્રષ્ટિએ ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ, દિલ્હીની સુરક્ષા વ્યવસ્થાને શ્રેષ્ઠ સુરક્ષા વ્યવસ્થાનો દરજ્જો આપ્યો.
- દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન ડેન વેન નિએકેર્ક, પુરુષ તથા મહિલા વન ડે મેચિસમાં એક પણ રન આપ્યા વગર ચાર વિકેટ લેનાર પ્રથમ બોલર બની.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પ્રેસિડેન્ટ પ્રણવ મુખરજી : અ સ્ટેટ્સમેન' નામના એક પુસ્તકનું લોકાર્પણ કર્યું.
- ટાટા ગ્લોબલ બેવરેજીસ લિ.એ ટાટા સન્સના પ્રમુખ એન. ચંદ્રશેખરનને કંપનીના ચેરમેન નિયુક્ત કર્યા.
- રિલાયન્સ જીઓ ઇન્ફોકોમે એશિયા-આફ્રિકા-યુરોપ (AAE-1) સબમરીન કેબલ સિસ્ટમ લોન્ચ કરી. આ દુનિયાની સૌથી લાંબી 100 જીબીપીએસ ટેકનોલોજી આધારિત સબમરીન સિસ્ટમ છે.
- શાહરૂખ ખાનને હ્યુન્ડાઈએ વધુ બે વર્ષ માટે પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો.
- લેફ્ટનન્ટ જનરલ મહેશ સેનાનાયકે શ્રીલંકાના નવા કમાન્ડર હશે.
- ભારત અને ઈઝરાયેલે અંતરીક્ષ, કૃષિ અને જળ-સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સાત સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા.
- ભારતે ઓરિસ્સાના ચાંદીપુર સ્થિત એકીકૃત પરીક્ષણ રેન્જથી અત્યાધુનિક સ્વદેશી ક્વિક રિસ્પોન્સ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
- હિમાચલ પ્રદેશના DGP સંજય કુમાર NDRF (National Disaster Response Force)ના નવા પ્રમુખ નિયુક્ત.
- નેશનલ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ભારતનું ત્રીજું સૌથી મોટું કોમોડિટી એક્સચેન્જ બનાવવા માટે ઇન્ડિયન કોમોડિટી એક્સચેન્જ સાથે વિલય કરશે.
- અચલ કુમાર જ્યોતિ ભારતના ચીફ ઈલેક્શન કમિશનર બન્યા. તેમણે નસીમ ઝૈદીનું સ્થાન લીધું.
- ઉત્તર કોરિયાએ ઇન્ટરકોન્ટિનેટલ બેલેસ્ટિક મિસાઈલ હ્વાસોંગ-14નું સફળ પરીક્ષણ કર્યું.
- પ્રિયંકા ચોપડા એકેડમી ઓફ મોશન પિક્ચર્સ ઓફ આર્ટ એન્ડ સાયન્સીઝની નવી સભ્ય બની.
- ભારતીય ફૂટબોલ ટીમ નવીનતમ ફીફા રેન્કિંગમાં 96મા સ્થાને પહોંચી જે તેની બે દાયકાની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ અને ઓવરઓલ બીજી સર્વશ્રેષ્ઠ રેન્કિંગ છે.
- સીએટ પ્રથમ વખત આયોજિત કરવામાં આવનાર અલ્ટીમેટ ટેબલ ટેનિસ લીગની ટાઈટલ સ્પોન્સર બનશે.

GPSC, BANK Clerk/PO Maths & Reasoning by... એમ. કે. સર 87340 98198

- જી-20 શિખર સંમેલન :
  - **આયોજન** : જર્મનીના હેમ્બર્ગ શહેરમાં 7-8 જુલાઇ દરમિયાન
  - **થીમ** : 'શેપીંગ એન ઈન્ટર કનેકટેડ વર્લ્ડ'
  - **મુખ્ય ચર્ચા** : આતંકવાદ, કલાઈમેટ ચેન્જ, વૈશ્વિક વ્યાપાર
  - **સ્થાપના** : ડિસેબર, 1999માં જર્મનીના બર્લિન શહેરમાં.
  - **કામગીરી** : વૈશ્વિક અર્થતંત્રોના સશક્તિકરણ, આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થાઓમાં સુધારો લાવવો અને વિશાળ આર્થિક સુધારા પર દેખરેખ, નવી નોકરીઓ, મુક્ત વ્યાપાર સહિત વૈશ્વિક અર્થતંત્રોના વિકાસ પર ધ્યાન.
  - **સભ્ય દેશો** : આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાના, મેક્સિકો, રશિયા, આઉદી અરબ, દક્ષિણ કોરિયા, તુર્કી, યુનાઈટેડ કિંગડમ, અમેરિકા, ચીન, દક્ષિણ આફ્રિકા.
  - **વિશેષતા** : આ બેઠકમાં સામેલ થઈ રહેલા રાજનેતા વિશ્વની કુલ વસતીના બે તૃતીયાંશ હિસ્સાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને તેઓ વિશ્વના 85% અર્થતંત્ર અને 75% વૈશ્વિક વ્યાપારને નિયંત્રિત કરે છે. બોડીને નિર્ણય લેવામાં અગવડતા ઊભી થવાના ડરે તમામ દેશોને જી20માં આમંત્રણ આપવામાં આવતું નથી.
  - **G-20ની શરૂઆત** : 1999માં એશિયામાં ઉભા થયેલા આર્થિક સંકટ બાદ નાણામંત્રીઓ તથા કેન્દ્રીય બેંકોના ગવર્નરોની બેઠક સાથે થઈ હતી. તેની સ્થાપના આર્થિક તથા નાણાંકીય નીતિગત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા અને તમામના ફાયદા માટે સ્થિર અને વૈશ્વિક આર્થિક વિકાસ કરવાના હેતુથી સહયોગ આપવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.
  - **નોંધ** : અત્યાર સુધી નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેન્કના ગવર્નર્સ વચ્ચે 20 G-20 સમિટ યોજાઈ ગઈ છે. જ્યારે દેશના પ્રતિનિધિઓ મળ્યા હોય તેવી 11 G-20 સમિટ મળી ચુકી છે. જર્મનીના હેમ્બર્ગમાં યોજાનાર 12મી G-20 સમિટ છે.

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જમ્મુ-કાશ્મીરમાં GST લાગુ કરવા સંબંધી આદેશને મંજુરી આપી.
- 18મી સદી ખડકીને વિરાટ કોહલી સચિન તેંદુલકરનો રેકોર્ડ તોડીને, વન ડેમાં રનનો પીછો કરીને સૌથી વધુ સદી બનાવનાર ખેલાડી બન્યો.
- પાકિસ્તાને ઓછા અંતરની સપાટીથી સપાટી પર માર કરનાર બેલેસ્ટિક મિસાઈલ 'નસ્ર'નું સફળ પરીક્ષણ કર્યું.
- પાકિસ્તાનને હરાવીને ભારતે કિર્ગિસ્તાનમાં રમાયેલી એશિયન ટીમ સ્નૂકર ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.
- ભારત, અમેરિકા અને જાપાનની નેવિનો 'ત્રિપક્ષીય 'માલાબાર નૌસૈન્ય અભ્યાસ' બંગાળની ખાડીમાં શરૂ.
- બેઇજીંગ સ્થિત એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકે ગુજરાતમાં 4,000 ગામડાઓમાં સડકોના નિર્માણ માટે 329 મિલિયન ડોલર્સની લોન મંજૂર કરી.
- ભારતીય અમેરિકન વિદ્યાર્થી જેજે સિંહ કપૂરે અમેરિકાની સૌથી મોટી ભાષણ અને વાદ-વિવાદ સ્પર્ધા 'યુએસ ઓરેટર' જીતી.
- ITU (International Telecommunication Union)ની વૈશ્વિક સાઈબર સુરક્ષા ઇન્ડેક્સમાં ભારત 165 દેશોમાં 23મા સ્થાને. સિંગાપુર પ્રથમ ક્રમે.
- કેવલ હાંડા યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના નોન એક્ઝિક્યુટીવ અધ્યક્ષ નિયુક્ત.
- 11 જુલાઈ : વર્લ્ડ પોપ્યુલેશન ડે. આ વર્ષની થીમ - 'Family Planning- Empowering People, Developing Nations'.
- સરકારે ભારતને એવિયન ઇન્ફ્લુએન્ઝા (બર્ડ ફ્લૂ)થી મુક્ત જાહેર કર્યું.
- ભારતના હરિંદર પાલ સંધૂએ સાઉથ ઓસ્ટ્રેલિયન ઓપન સ્ક્વોશ ખિતાબ જીત્યો.
- અમદાવાદ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મેળવનાર પ્રથમ ભારતીય શહેર બન્યું.
- મનપ્રીત કૌર અને જી લક્ષ્મણને 22મી એશિયન એથ્લેટીક્સ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યા.
- બ્રિટનમાં રોકાણ કરનાર દેશોમાં ભારત એક સ્થાન ખસકીને ચોથો સૌથી મોટો દેશ બન્યો.
- કેનેરા એચએસબીસી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ લાઈફ ઇન્સ્યુરન્સે કેરળની ધનલક્ષ્મી બેંક સાથે ટાઈ અપ કર્યું.
- સાઈમા વઝીદ હુસેન દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રમાં ઓટીઝમ માટે WHOની સદભાવના રાજદૂત નિયુક્ત.

crackgpsc.com

- કેન્દ્ર સરકારે એક વિદ્યાર્થી-વૈજ્ઞાનિક સંયોજન કાર્યક્રમ 'જીજ્ઞાસા'ની શરૂઆત કરી.
- હૈદરાબાદમાં પ્રથમ ગરીબ નવાઝ કૌશલ વિકાસ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું.
- ભારતે એશિયન એથ્લેટીક્સ ચેમ્પિયનશિપમાં પાંચ સુવર્ણ ચંદ્રક જીત્યા અને મેડલ ટેબલમાં ટોચ પર રહીને ઈતિહાસ રચ્યો તથા ચીનને બીજા સ્થાને ખસેડી દીધું.
- જોન જોસેફને Goods and Services Tax Intelligence (GSTI)ના ડીજી બનાવવામાં આવ્યા.
- વયોવૃદ્ધ અભિનેત્રી સુમિતા સાન્યાલનું નિધન.
- ટાટા સ્ટીલ લિ. 'બેસ્ટ પરફોર્મિંગ ઈન્ટીગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ' માટે વડાપ્રધાન ટ્રોફીની વિજેતા ઘોષિત.
- મર્સિડીઝ ફોર્મ્યુલા વન ડ્રાઈવર વાલ્ટેરી બોતાસે ઓસ્ટ્રીયન ગ્રાંડ પ્રિ.નો ખિતાબ જીત્યો.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ઈ-શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ચાર પ્રમુખ ડિજિટલ પહેલોની શરૂઆત કરી. આ પહેલ છે - સ્વયં, સ્વયં પ્રભા, નેશનલ એકેડમિક ડિપોઝીટરી અને નેશનલ ડિજિટલ લાયબ્રેરી.
- ઉત્તર પ્રદેશ સરકારે ખેલ અને ખેલ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે પ્રદેશમાં પ્રથમ ખેલ યુનિવર્સીટી ખોલવાની ઘોષણા કરી.
- ટાટા સ્ટીલની નોઆમુંડી ખાણ દેશની પ્રથમ સોલર પ્લાન્ટ વાળી આયર્ન ઓર ખાણ બની.
- જાણીતા કાર્ટૂનિસ્ટ તથા લેખક મંગેશ તેંદુલકરનું નિધન.
- કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ એક નવીન ટેક્સ પેયર મોડ્યુલ આયકર સેતુ લોન્ચ કર્યું.
- સંયુક્ત રાષ્ટ્ર અને આર્થિક સહયોગ તથા વિકાસ સંગઠનના એક અહેવાલ મુજબ આગામી દાયકા સુધી દુનિયામાં સૌથી વધુ વસ્તીવાળો દેશ બનવાના અંદાજ સહિત ભારત ઈ.સ. 2026 સુધીમાં વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની જશે.
- અમેરિકન સેનેટે વ્હાઈટ હાઉસની નિયામક બાબતો અને માહિતી કાર્યાલયના પ્રમુખ તરીકે ભારતીય મૂળના અમેરિકન વકીલ નેઓમી રાવના નામને મંજુરી આપી.
- પર્યાવરણ અને ઊર્જા દક્ષતા સમાધાન કંપની ડેનફોસ ઇન્ડિયા પર્યાવરણ વ્યવસ્થાપન માટે 'ગોલ્ડન પીકોક એવોર્ડ'થી સન્માનિત.
- ભારતીય રેલવે ઓછા ખર્ચે ઝડપી સંપર્ક શક્ય બનાવવા માટે રેલ કલાઉડની શરૂઆત કરશે જે ઇનબિલ્ટ સિક્યુરિટી સિસ્ટમવાળું એક વર્ચ્યુઅલ સર્વર છે.
- રવિ શાસ્ત્રી ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ, ઝહિર ખાન બોલિંગ કોચ નિયુક્ત.
- સુલભ ઇન્ટરનેશનલના સંસ્થાપક બિંદેશ્વર પાઠકે એક કોફી ટેબલ બુક 'ધ મેકિંગ ઓફ અ લિજેન્ડ'માં નરેન્દ્ર મોદીની યાત્રાને સંકલિત કરી છે.

crackgpsc.com

- સુભાષ ચંદ્ર ગર્ગે આર્થિક બાબતોના વિભાગના સચિવનો પદભાર ગ્રહણ કર્યો.
- મિતાલી રાજ વન ડે ઇન્ટરનેશનલ મેચીસમા 6000 રન બનાવનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની.
- ડીએચએફએલ જનરલ ઇન્સ્યુરન્સે વિજય સિન્હાને પોતાના MD તથા CEO નિયુક્ત કર્યા.
- ભારતના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ સ્ટાર્ટઅપ પેટીએમે ટિકિટીંગ પ્લેટફોર્મ ઇનસાઇડર ડોટ ઇનમાં અધિકાંશ ભાગીદારીનું અધિગ્રહણ કર્યું.
- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં એચ આર એન્ડ કોર્પોરેટ સર્વિસીસના ગ્રુપના અધ્યક્ષ રાજીવ દુબેને જીનેવામાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ગવર્નિંગ બોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા. અમેરિકન સેનાએ મિસાઈલ ઇન્ટરસેપ્ટ સિસ્ટમ, 'ટર્મિનલ હાઈ એલ્ટીટ્યુડ એરિયા ડિફેન્સ'નું સફળ પરીક્ષણ કર્યું.
- નિસાને થોમસ કુએલને પોતાના ઇન્ડિયન ઓપરેશન્સના અધ્યક્ષ નિયુક્ત કર્યા.
- 1993માં શરૂઆતથી પહેલી વાર ભારત આગામી વર્ષે આઠમા થિયેટર ઓલિમ્પિકની મેજબાની કરશે.
- પ્રસિદ્ધ પત્રકાર ઉદય માહુરકર દ્વારા લેખિત નરેન્દ્ર મોદીની સરકારનું વિશ્લેષણ કરતું પુસ્તક 'માર્ચિંગ વિધ અ બિલિયન' રિલીઝ કરવામાં આવ્યું.
- AAI (Airports Authority of India) દ્વારા કરવામાં આવેલ દેશનાં 49 એરપોર્ટ્સના સર્વેમાં રાયપુરનું સ્વામી વિવેકાનંદ એરપોર્ટ ગ્રાહક સંતોષની દ્રષ્ટિએ દેશમાં પ્રથમ સ્થાને.
- ટાટા સન્સે આરતી સુબ્રમણ્યનને ગ્રુપનાં મુખ્ય ડિજિટલ અધિકારી નિયુક્ત કર્યા.
- DIPP (Department of Industrial Policy and Promotion) પેટન્ટ ઇન્ફોર્મેશન સેન્ટર, પંજાબમાં ભારતના પ્રથમ TISC (Technology and Innovation Support Center)ની સ્થાપના કરશે.

crackgpsc.com

Current InShort
Most IMP and up to date
Current affairs in SHORT
for all Competitive Exams.
Download app Now
www.crackgpsc.com

ગુજરાતી, हिन्दी, English : ત્રણ ભાષામાં કરન્ટ અફેર્સ આપતી પ્રથમ એપ્લીકેશન

- ટાટા સ્ટીલે ભારતીય રેલવે સાથે લાંબા ગાળાનો ટેરીફ કોન્ટ્રાક્ટ કર્યો. આમ કરનાર આ સ્ટીલ ક્ષેત્રની પ્રથમ કંપની છે.
- ઈરાને પોતાની પ્રથમ મહિલા CEO ફરજાનેહ શરાફબાનીને ઈ.સ.1944માં સ્થાપિત રાષ્ટ્રીય વાહક 'ઈરાન એર'નું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરી.
- ફિલ્મ નિર્માતા બિદ્યુત કોટોકીની 'શોહિઓબોટે ધેમાલાઈટ' (ઇન્દ્રધનુષી ખેતર)ને હોલીવુડ સિને ફેસ્ટમાં 'સર્વશ્રેષ્ઠ વિદેશી ફિલ્મ'નો પુરસ્કાર મળ્યો.
- ભારતીય અંતરીક્ષ વૈજ્ઞાનિકોએ આકાશગંગાઓનો એક મોટો સમૂહ શોધ્યો છે જેનો આકાર 20 મિલિયન સૂર્યો જેટલો છે. આનું નામ સરસ્વતી રાખવામાં આવેલ છે.
- ભારતીય મૂળના પ્રમુખ ઉદ્યોગપતિ યુસુફ અલી એમ એ પ્રતિષ્ઠિત ક્વીન્સ એન્ટરપ્રાઈઝ એવોર્ડ 2017થી સન્માનિત.
- ભારતીય રેલવેએ સફદરજંગ રેલવે સ્ટેશન, દિલ્હીથી પ્રથમ સૌર-સંચાલિત ડેમુ (ડીઝલ ઇલેક્ટ્રિકલ મલ્ટિપલ યુનિટ) ટ્રેનની શરૂઆત કરી.
- મુકેશ કુમાર જૈન ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સના MD તથા CEO નિયુક્ત.
- રેલ મંત્રી સુરેશ પ્રભુએ મોબાઈલ એપ 'રેલ સારથી'ની શરૂઆત કરી જે અનેક પ્રકારની યાત્રી જરૂરિયાતો જેવી ટિકિટ બુકીંગ, ચેકિંગ, સાફ-સફાઈ, ભોજનની સુવિધાઓ એક જ માધ્યમથી પૂરી પાડશે.
- મર્સીડીઝના લુઇસ હેમિલ્ટને સતત ચોથી વખત બ્રિટીશ ગ્રા. પ્રી. જીતી.
- ટ્રાવેલ એન્ડ લીઝર મેગેઝિનના સર્વેમાં સિંગાપુર એરલાઈન્સને દુનિયાની સર્વશ્રેષ્ઠ એરલાઈનનો દરજ્જો આપવામાં આવ્યો.
- 18મા ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડમી પુરસ્કારોમાં શાહિદ કપૂર અને આલિયા ભટ્ટે ફિલ્મ ઉડતા પંજાબમાં પોતાની ભૂમિકા માટે ક્રમશઃ શ્રેષ્ઠ અભિનેતા અને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો.
- ગણિતમાં ફિલ્ડ મેડલ પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા મરિયમ મિર્ઝાખાનીનું નિધન.
- મુંબઈના નીલ જોશી અને અનન્યા ડાબકેએ ડચ ઓપન જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં અન્ડર-15 વર્ગમાં ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગનો ખિતાબ જીત્યો.
- રશિયાનું શહેર કઝાન તથા હંગેરીનું શહેર બુડાપેસ્ટ ક્રમશઃ વર્ષ 2022 તથા 2024માં શોર્ટ કોર્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપની મેજબાની કરશે.
- ફોક્સવેગન ફાયનાન્સે પેટ્રિક રીસને પોતાનો MD અને CEO નિયુક્ત કર્યા.
- કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુના રાજીનામા સાથે, સ્મૃતિ ઈરાનીને સૂચના-પ્રસારણ મંત્રાલયનો વધારાનો કાર્યભાર સોંપાયો તથા નરેન્દ્ર તોમરને શહેરી વિકાસ મંત્રી બનાવાયા.

crackgpsc.com

- બીસીસીઆઈએ ભરત અરુણને બે વર્ષ માટે ભારતના બોલિંગ કોચ નિયુક્ત કર્યા.
- વિક્રમ લિમયેએ નેશનલ સ્ટોક એક્સચેન્જના MD અને CEOનો પદભાર સંભાળ્યો.
- ટાટા મોટર્સે દેશની પ્રથમ બાયો સીએનજી (બાયો મીથેન) બસની શરુઆત કરી.
- નાગાલેન્ડના ગવર્નર પદ્મનાભ બાલકૃષ્ણ આચાર્યએ ટીઆર જેલીયાંગને રાજ્યના નવા મુખ્યમંત્રી નિયુક્ત કર્યા.
- એસબીઆઈએ ઘર ખરીદવાની ઈચ્છા ધરાવતા લોકો માટે એસબીઆઈ રિઅલ્ટી શરુ કરી.
- મીરા કુમારને હરાવીને રામનાથ કોવિંદ ભારતના 14મા રાષ્ટ્રપતિ બન્યા. તેઓ કે. આર નારાયણન બાદ ભારતના બીજા દલિત રાષ્ટ્રપતિ છે.
- બ્રિટનનાં પ્રથમ મહિલા શીખ સાંસદ પ્રીત કૌર ગિલને સંસદની એક પ્રભાવશાળી સર્વદલીય સમિતિમાં ચૂંટવામાં આવ્યાં જે ગૃહ વિભાગના કામકાજની સમીક્ષા કરે છે.
- સંયુક્ત રાજ્ય અમેરિકન નેવિએ વિશ્વની પ્રથમ સક્રિય લેઝર હથિયાર પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નવી દિલ્લીમાં ઓરિસ્સાના પયિકા વિદ્રોહ (1857)ની 200મી વર્ષગાંઠનું ઉદઘાટન કર્યું.
- કેન્દ્રીય મંત્રીમંડળે HPCLમાં સરકારની 51.11% ઓએનજીસીને વેચવાની મંજુરી આપી.
- કમલ હાસન પ્રો કબડ્ડી લીગને ફ્રેન્ચાઇઝી 'તમિલ થલાઈવાસ'ના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા.
- ICICI બેંક પોતાના એટીએમના માધ્યમથી 15 લાખ રૂપિયા સુધીની પર્સનલ લોન ઉપલબ્ધ કરાવશે.
- ઓસ્ટ્રેલિયા આંતરરાષ્ટ્રીય સૌર એલાયન્સમાં સામેલ થનાર 35મો દેશ બન્યો. આ નવેમ્બર-2015માં વડાપ્રધાન મોદી દ્વારા પેરીસમાં લોન્ચ કરવામાં આવેલ એક પહેલ છે.
- લાલકૃષ્ણ અડવાણી લોકસભામાં સંસદીય યોગદાન માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત.
- ભારત અને જાપાન વચ્ચે ઐતિહાસિક અસૈન્ય પરમાણુ સહયોગ સમજૂતી અમલમાં આવી ગઈ.
- કેન્દ્રીય નાણા વિભાગે 60 વર્ષથી વધુ આયુ વર્ગના સિનીયર સિટીઝન્સ માટે પેન્શન યોજના 'પ્રધાનમંત્રી વય વંદના યોજના' (PMVVY) શરૂ કરી. આ સ્કીમ સંપૂર્ણ રીતે સર્વિસ ટેક્સ અને જીએસટી મુક્ત છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બાલાજી ટેલિફિલ્મ્સમાં 25% ભાગીદારી ખરીદવા માટે 413.28 કરોડ રૂપિયાના સોદાને મંજુરી આપી.
- બ્રેંડલા હેલ બ્રિટનની સર્વોચ્ચ અદાલતની પ્રથમ મહિલા અધ્યક્ષ બનશે.

crackgpsc.com

- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જોન આર બેસને અફઘાનિસ્તાનમાં અમેરિકાના રાજદૂત નોમીનેટ કર્યા.
- બ્રિટનમાં સૌથી લાંબા સમયથી સાંસદ ભારતીય મૂળના કીથ વાજ ઈમિગ્રેશન અને વિઝા બાબતોની નવી સંસદીય સમિતિના પ્રમુખ ચૂંટાયા.
- ભારતના વિદ્યાર્થી પ્રિન્સ સુમ્બેરિયાએ સિંગાપુરમાં આયોજિત ડિજિટલ દક્ષતાની એશિયાની સૌથી મોટી સ્પર્ધા 'એશિયા ડિજિટલ સ્કિલ્સ ચેલેન્જ'નો ખિતાબ જીત્યો.
- કેપીએમજી ઇન્ડિયાએ બીએમઆરના રિસ્ક કન્સલ્ટિંગ બિઝનેસનો પોતાનામાં વિલય કરવાની ઘોષણા કરી.
- લોર્ડ મર્વન દેવીએસ યુકે ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા.
- 'હોમ અલોન'ના અભિનેતા જોન હર્ડનું નિધન.
- ભારતનો પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' બનાવનાર સેટેલાઈટ ક્રાંતિના જનક વૈજ્ઞાનિક યુ.આર રાવનું 85 વર્ષની વયે નિધન.
    - એમના નેતૃત્વ હેઠળ જ 1975માં ભારતે તેનો પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' અંતરિક્ષમાં મોકલવા સુધીની સફળતા પ્રાપ્ત કરી હતી.
    - પ્રોફેસર યુ.આર. રાવનું પૂરૂ નામ ઉડુપી રામચંદ્ર રાવ હતું.
    - વર્ષ 1976માં તેમને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
    - યુ.આર રાવ ભારતની સેટેલાઈટ ક્રાંતિના જનક હતા. પ્રોફેસર યુઆર રાવે પોતાની કારકિર્દીની શરૂઆત કોસ્મિક રે સાયન્ટિસ્ટથી કરી હતી, પરંતુ 1972થી તેઓ ભારતના સેટેલાઈટ પ્રોગ્રામ સાથે જોડાઈ ગયા. આ ઉપરાંત પ્રોફેસર રાવના નેતૃત્વ હેઠળ 18 અન્ય સેટેલાઈટ બનાવવામાં આવ્યા જેમાં ભાસ્કર, એપલ, રોહિણી, ઈનસેટ-1, ઈનસેટ-2, જેવા સેટેલાઈટનો સમાવેશ થાય છે. પ્રોફેસર રાવે વર્ષ 1985માં અંતરિક્ષ વિભાગની દોર સંભાળી અને તેમના નેતૃત્વ હેઠળ દેશના પોતાની રોકેટ ટેક્નોલોજીનો વિકાસ થયો. ભારતે વર્ષ 1992માં પોતાના પ્રથમ રોકેટ એએસએલવીનું પરિક્ષણ કર્યું અને પછી પીએસએલવી બનાવ્યુ. ભારતે જીએસએલવી બનાવીને વિશ્વમાં પોતાની ટેક્નોલોજીની સાબિત કરી અને બીજા દેશોના ઉપગ્રહોને પણ અંતરિક્ષમાં પહોંચાડ્યા. પ્રોફેસર યુ.આર રાવે 300 જેટલા વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીના સંશોધન પેપર રજૂ કર્યા, જે દેશી અને વિદેશી જર્નલોમાં પ્રકાશિત થયા. તેમણે કેટલાક પુસ્તકો પણ લખ્યા, જેમાં ફિઝિક્સ ઓફ ધ કમ્યુનિકેશન, સ્પેસ એન્ડ એજન્ડા 21 - કેયરિંગ ફોર ધ પ્લેનેટ અર્થ અને સ્પેસ ટેક્નોલોજી ફોરનું સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જેવા પુસ્તકોનો સમાવેશ થાય છે.

crackgpsc.com

અમારી YouTube ચેનલ 'Crack GPSC' પર જોડાઓ,
SUBSCRIBE કરો અને કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો.

https://youtu.be/l4qSHaS0fqc




- ઈંગ્લેન્ડે ભારતને હરાવીને ચોથી વખત ICC મહિલા વિશ્વ કપ જીત્યો.
- સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ જે. એસ. ખેહરે રામનાથ કોવિંદને દેશના 14મા રાષ્ટ્રપતિ તરીકે પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા.
- એચ. એસ. પ્રણયે અમેરિકન ઓપન ગ્રા. પ્રી. બેડમિન્ટન ખિતાબ જીત્યો.
- યુ.એસ. નેવિએ વર્જિનિયાના નેવલ સ્ટેશન નોરફોકમાં દુનિયાના સૌથી મોટા પરમાણુ ઊર્જાવાળા વિમાન વાહક યુ.એસ.એસ. જેરાલ્ડ આર ફોર્ડ (સીવીએન 78)ને સામેલ કર્યું.
- સચિન સિવાચે બહમાસમાં કોમનવેલ્થ યુથ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- પ્રખ્યાત ભારતીય વૈજ્ઞાનિક તથા શિક્ષણવેત્તા પ્રોફેસર યશ પાલનું નિધન.

  **પ્રોફેસર યશ પાલ**
  - જન્મ - હરિયાણામાં
  - તેઓ પાર્ટિકલ ફિઝિક્સના મહાન વૈજ્ઞાનિક હતા.
  - પ્રોફેસર યશપાલને યશપાલ કમિટીના રિપોર્ટ માટે ઓળખવામાં આવે છે. શાળા શિક્ષણ માટે તેમને અનેક ભલામણો આપી. તેમાંથી અમુક ભલામણોને સરકારે અમલમાં મૂકી.

- તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચથી કરી હતી.
- ઈ.સ. 1973માં સરકારે તેમને સ્પેસ એપ્લિકેશન સેન્ટરના પ્રથમ ડિરેક્ટર નિયુક્ત કર્યા.
- ઈ.સ. 1983-84માં તેઓ પ્લાનિંગ કમિશનના ચીફ કન્સલ્ટન્ટ પણ રહ્યા હતા.
- ઈ.સ. 1976માં પદ્મ ભૂષણ, ઈ.સ.2013માં પદ્મ વિભૂષણથી સન્માનિત.

- ICC દ્વારા ભારતીય કેપ્ટન મિતાલી રાજ ICC મહિલા વિશ્વ કપ 2017 ટીમની કેપ્ટન નિયુક્ત.
- ગુવાહાટી પ્રથમ વખત સાત ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ સમારોહની મેજબાની કરશે.
- વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા બદલ વિજ્ઞાન પત્રકાર પલ્લવ બાગલા ઇન્દિરા ગાંધી પુરસ્કારથી સન્માનિત.
- IMF ના રિપોર્ટ અનુસાર ભારતનો આર્થિક વિકાસ ચાલુ વર્ષે 7.2% રહેશે જે 2018-19માં વધીને 7.7% થઇ જશે.
- ભારત ઈ.સ. 2021માં પ્રથમ વખત પુરુષ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની મેજબાની કરશે.
- યાત્રા ઓનલાઈને કોર્પોરેટ ટ્રાવેલ સેવા આપનાર એર ટ્રાવેલ બ્યુરોનું અધિગ્રહણ કર્યું.
- ગુગલના ભારતમાં જન્મેલ CEO સુંદર પિચાઈ આલ્ફાબેટના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં નિયુક્ત.
- કેન્દ્ર સરકારે માર્ગોના નિભાવ માટે મોબાઈલ એપ 'આરંભ'ની શરૂઆત કરી.
- ફેસબુકે પાઈરસીથી લડવા માટે અમેરિકાની એક સ્ટાર્ટ અપ કંપની સોર્સ 3નું અધિગ્રહણ કર્યું.
- રિલાયન્સ ડિફેન્સ એન્ડ એન્જિનિયરીંગ લિ.એ ગુજરાતના પીપાવાવમાં પોતાના પ્રથમ બે નેવલ ઓફશોર વેસલ 'શચિ' અને શ્રુતિ' લોન્ચ કર્યાં.
- પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ અભિનેત્રી શકુંતલા બરુઆને 'મહાનાયક સન્માન-2017'થી સન્માનિત કર્યા.
- 'મહાનાયક સન્માન-2017' કોને આપવામાં આવ્યું? શકુંતલા બરુઆ
- નીતીશ કુમાર છઠ્ઠી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા, સુશીલ મોદી નાયબ મુખ્યમંત્રી.
- બાબુજીના ઉપનામથી જાણીતા વરિષ્ઠ સ્વતંત્રતા સંગ્રામ સેનાની અને સામાજિક કાર્યકર્તા કુબેરસિંહ સકલેચાનું નિધન.
- સરકારે આર્થિક બાબતોના વિભાગમાં સચિવ એસ. સી. ગર્ગને એશિયન ડેવલપમેન્ટ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં અલ્ટરનેટ ગવર્નર નિયુક્ત કર્યા.
- ગોએરે આનંદ સહાયને પોતાના ચીફ કોમર્સિયલ ઓફિસર નિયુક્ત કર્યા.

crackgpsc.com

- 'ગ્રેટર કાશ્મીર'ના ચીફ એડિટર ફયાઝ અહમદ કાલુને કાશ્મીર એડિટર્સ ગિલ્ડના પ્રથમ અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.
- દુનિયામાં પ્રથમ વખત સંપૂર્ણ રીતે પાણીમાં તરનાર પવનચક્કી પ્લાન્ટ સ્કોટલેન્ડના તટ પર બનાવવામાં આવી રહ્યો છે જેમાં ટર્બાઈન બ્રિટનના બીગ બેનથી પણ મોટાં છે.
- સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકે અનેક વિદેશી મુદ્રાઓની સુવિધાઓ સહિત 'Multicurrency Forex Card' શરૂ કર્યું. આમાં ગ્રાહકોને એક કાર્ડમાં 20 વ્યાપક રીતે ઉપયોગ થનારી મુદ્રાઓની સુવિધા ઉપલબ્ધ થશે.
- 28 જુલાઈ : વિશ્વ હિપેટાઈટિસ દિવસ. આ દિવસ વર્ષ 2010થી ઉજવવામાં આવે છે. આ દિવસ હિપેટાઈટિસ બી વાયરસના શોધક નોબલ પુરસ્કારથી સન્માનિત પ્રોફેસર બારુક બ્લૂમબર્ગનો જન્મ દિવસ છે,
- વિશ્વના જાણીતા ગાયક જેફરી ગુરુમુલ યુનુપિંગુનું નિધન.
- એક્સિસ બેંકે 60 કરોડ ડોલર્સમાં સ્નેપડીલની માલિકીવાળી રિચાર્જ એપ ફ્રીચાર્જનું અધિગ્રહણ કર્યું.
- 29 જુલાઇ : 7મો આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ. આ વર્ષનો આ દિવસનો વિષય છે - 'Fresh Ecology For Tigers Protection'.
- પંજાબ નેશનલ બેંક (PNB)એ પોતાની શાખાઓના માધ્યમથી વીમા પ્રોડક્ટ્સના વેચાણ માટે બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ સાથે સમજુતી કરી.
- નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામની બીજી પુણ્યતિથિ નિમિતે તેમને સમર્પિત એક સ્મારકનું રામેશ્વરમ પાસે પીકારૂંબુમાં ઉદઘાટન કર્યું.
- અરુંધતિ રોયનું નવું પુસ્તક 'ધ મીનીસ્ટ્રી ઓફ એટમોસ્ટ હેપ્પીનેસ' આ વર્ષના મેન બુકર પુરસ્કારની યાદીમાં સ્થાન મેળવ્યું.
- ઈરાને ઉપગ્રહ પ્રક્ષેપિત કરનાર એક રોકેટ સિમોર્ધનું સફળ પરીક્ષણ કર્યું.
- માસૂમ, વોન્ટેડ અને 'ખિલાડીઓં કા ખિલાડી જેવી ફિલ્મોમાં કામ કરનાર અભિનેતા ઇન્દર કુમારનું નિધન.
- એક્સિસ બેંકે શિખા શર્માને ત્રણ વર્ષના કાર્યકાળ માટે પુન: MD અને CEO તરીકે નિયુક્ત કર્યાં.
- સેમસંગ ઇન્ટેલને પછાડીને દુનિયાની સૌથી મોટી ચિપ મેકર કંપની બની.
- બ્રિક્સ દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા)ની ટેક્સ ઓથોરીટીઝે ટેક્સ બાબતોમાં સહયોગ વધારવા માટે (બ્રિક્સ ટેક્સેશન કો-ઓપરેશન મેમો.) પર હસ્તાક્ષર કર્યા.
- ઇન્ડોનેશિયા એશિયન ફૂટબોલ પરિસંઘ અન્ડર 19 ચેમ્પિયનશિપ 2018ની મેજબાની કરશે.

crackgpsc.com

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના અયોધ્યા અને તમિલનાડુના રામેશ્વરમને જોડનાર સાપ્તાહિક રેલગાડી શ્રદ્ધા સેતુ એક્સપ્રેસને ઝંડી બતાવી રવાના કરી.
- ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને દેશની પ્રથમ માનવરહિત ટેંક 'મુંત્રા' વિકસાવી.
- વીસમી સદીના સૌથી સારા ફોટોઝમાં સામેલ કેટલાક ફોટોઝને પ્રકાશિત કરનાર પ્રખ્યાત ફોટો એડિટર જોન મોરિસનું નિધન.
- વિરાટ કોહલી વિદેશી ટેસ્ટ મેચોમાં 1000 રન બનાવનાર સૌથી ઝડપી ભારતીય કેપ્ટન બન્યો.




**મિત્રો, આ PDF ને આપના મિત્રો/સંબંધીઓ ને SHARE કરો**
**અને તેમની તૈયારીમાં પણ મદદ કરો.**